**અમદાવાદ(ગ્રામ્ય)ના ત્રીજા અધિક સેસન્સ જજશ્રીની કોર્ટમાં,મુકામ:નવરંગપુરા અમદાવાદ.**

**ક્રિમી. રીવીઝન અરજી નં.૫૪/૨૦૨૬**
**આંક:**

**<u>અરજદાર</u>** :- **રાજન સોમાભાઈ ચૌહાણ**
ઉ.વ.આ.૧૭,ધર્મ: હિન્દુ
રહે.૧૨,બળીયાદેવનગર પાર્ટ-૨
આઈ.ટી.આઈ.રોડ, કુબેરનગર
અમદાવાદ.

**વિરૂદ્ધ**

**<u>સામાવાળા</u>** :- (૧) શ્રી સરકાર

**<u>બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ અન્વયે રિવીઝન અરજી...</u>**

---

અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી વી.બી.ચૌહાણ
સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી પી.એમ.ત્રીવેદી

---

## <u>-: ચુકાદો :-</u>

૧. અમદાવાદ(ગ્રામ્ય)ના મે.એડી.જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટ સમક્ષના ક્રિ.પ.અ.નં.૧૬૯/૨૦૨૬ ની દાખલ કરી, હોન્ડા કાર્સ ઈન્ડીયા એલ.ટી.ડી.કંપનીની બ્રીઓ ૧.૨ એસ.એમ.ટી. ગાડી છોડાવવા માટે અરજદારે બી.એન.એસ.એસ.ની કલમ-૪૯૭ અન્વયે અરજી ટ્રાયલ કોર્ટ સમક્ષ કરેલ જે અરજી નામદાર જયુડી. મેજીસ્ટ્રટ સાહેબશ્રીએ તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલી તે હુકમથી નારાજ થઈને અરજદારે હાલની રિવીઝન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ અન્વયે દાખલ કરેલ છે.

૨. હાલની રિવીઝન અરજી તરફ દોરી જતી ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારની માલીકીની હોન્ડા કાર્સ ઈન્ડીયા એલ.ટી.ડી.કંપનીની બ્રીઓ ૧.૨ એસ.એમ.ટી. ગાડી , ઓઢવ

પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૫૨૨૧૫/૨૦૨૫,પ્રોહી. એકટની કલમ-૬૫(એ),૬૫(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧ ના કામે કબજે કરેલ જે છોડાવવા માટે ક્રિ.પ.અ.નંબર ૧૬૯/૨૦૨૬ થી અરજી કરેલ જે નામદાર ટ્રાયલ કોર્ટે તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ અને જણાવેલ કે, સદર વાહનમાં ૨૦ લીટર કરતા વધુ દારૂ વેચાણ માટે મળેલ હોવાથી તબદિલી અધિનિયમની કલમ-૯૮ પેટા કલમ(૨) ની જોગવાઈ અનુસાર સરકાર દાખલ થવાને પાત્ર થશે જેથી સદર જોગવાઈ અનુસાર સદરહું મુદામાલ વાહન અરજદારને પરત સોંપવાનો હુકમ કરવાની હકુમત અત્રેની કોર્ટને રહેલ નથી. જે કારણસર નામંજુર કરેલ હોય તેનાથી નારાજ થઈ અરજદાર તરફે હાલની રિવીઝન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૩૮ અન્વયે દાખલ કરવામાં આવેલ છે.

૩. હાલની રિવીઝન અરજીના કામે અરજદાર તરફે તેઓના વિધ્વાન વકીલ શ્રી ને સાંભળ્યા. સામાવાળા શ્રી સરકાર તરફે વિ. ડી.જી.પી.શ્રી ને સાંભળ્યા.

૪. આ કામે અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એવી રજૂઆત છે કે, સદર વાહન અરજદારના નામનુ છે.સદરહુ મુદામાલની માલીકી માટે અરજદાર સીવાય અન્ય કોઈ કલેમેંટ નથી.સદરહુ મુદામાલ કફોડી હાલતમાં પડેલ છે. સદર કેસમાં અરજદારને ખોટી રીતે સંડોવી દિધેલ છે. આ કામે તપાસ મહદઅંશે પૂર્ણ થઈ ગયેલ છે.અરજદારે સદરહુ વાહન જાતે અન્ય કોઈ ગુનાહિત પ્રવૃતિમાં વપરાયેલ નથી. નામદાર જયુ.મેજી.સાહેબશ્રીએ અરજદારની અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજોને યોગ્ય રીતે ધ્યાને લીધા વગર હુકમ કરેલ છે જેથી નામદાર જયુડી.મેજી.સાહેબશ્રીનાઓએ કરેલ હુકમ ક્ષતીયુકત ભુલ ભરેલો ખામી વાળો છે તે સંજોગોમાં અરજદારની હાલની રીવીઝન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

પ. સામાવાળા સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ઓઢવ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૫૨૨૧૫/૨૦૨૫,પ્રોહી. એકટની કલમ-૬૫(એ), ૬૫(ઈ),૧૧૬(બી),૯૮(૨),૮૧ ના ગુના સબબ વાહન પકડેલ છે તે વાહનમાં ૨૦ લીટરથી વધારે દારૂ ભરેલ હોય પકડેલ છે જે ઓઢવ પો.સ્ટે.માં સુરક્ષીત જગ્યાએ પડેલ છે તેમજ ગુજરાત પ્રોહીબી શન એકટ ૧૯૪૯ ની કલમ-૯૮(૨) મુજબ આ કામે પકડાયેલ વાહન છોડવાની સત્તા ટ્રાયલ કોર્ટને નથી જેથી ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય છે તેમજ ગુજરાત પ્રોહી

બીશન એકટ ૧૯૪૯ ની કલમ–૯૮(૨)ની જોગવાઈ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે.

૬. આ કામના અરજદારની દલીલ,સરકારી વકીલશ્રીની દલીલ તેમજ કાયદાકીય જોગવાઈ અને ટ્રાયલ કોર્ટના હુકમને ધ્યાને લીધો. બી.એન.એસ.એસ.ની કલમ–૪૩૮ હેઠળ રીવીઝનમાં આ કોર્ટને જયારે કોઈ હુકમ સંપૂર્ણપણે કાયદાથી ખોટો,ગેરકાયદેસરનો હોય તેવુ જણાય ત્યારે આવો હુકમ હસ્તક્ષેપને પાત્ર ન્યાયોચીત જણાઈ તો જ રીવીઝન અદાલત તેમાં હસ્તક્ષેપ કરી શકે છે તે કાયદાની જોગવાઈ ધ્યાને લીધી. કાયદાકીય જોગવાઈઓ મુજબ પ્રોહીબીશન એકટ પ્રમાણે ૨૦ લીટર કરતા વધુ દારૂના જથ્થામાં પકડાયેલ વાહન સરકાર ખાલસા કરવાની જોગવાઈ હોય, જે પ્રમાણે નામદાર વડી અદાલતે આપેલ ચુકાદાઓ જોતા, મે. ટ્રાયલ કોર્ટ કે રીવીઝન કોર્ટને મુદામાલ છોડવાની સત્તા ન હોવાનું વારંવાર ઠરાવેલ હોય, જેથી મે. ટ્રાયલ કોટનો આ હુકમ સંપૂર્ણ રીતે કાયદાની મર્યાદામાં રહીને કરેલ હોય તેમા હસ્તક્ષેપ કરવા કોઈ કેસ જણાતો ન હોય તે સંજોગોમાં આ રીવીજન હેઠળ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો વ્યાજબી અને ન્યાયોચીત હુકમ કરવામાં આવે છે.

**<u>:– હુકમ –:</u>**

(૧) અરજદારની હાલની રિવીઝન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) મે.ટ્રાયલ કોર્ટે ક્રિ.પ.અ.નં.૧૬૯/૨૦૨૬ ના કામે તા.૦૯/૦૧/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

(૩) આ હુકમની જરૂરી યાદી સબંધીત મે.ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

હુકમ આજ તા.૧૭–મી, માહે– માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૭/૦૩/૨૦૨૬

(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(રૂરલ), નવરંગપુરા.
Code No. GJ-00612